જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૫ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૯૫/૧૫**

## દોઢેક માસ અગાઉ રાત્રીના સમયે સરખેજ વિસ્તારમાં આવેલ ભંગાર ના ગોડાઉનના વૃધ્ધ વોચમેનને મોઢા ના ભાગે તથા શરીર પર ઇજાઓ કરી મોત ને ધાટ ઉતારનાર કિશોરને સરખેજ, સપના ટોકીઝ પાસેથી ઝડપી પાડી હત્યાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં બનેલ ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અંગે પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી. શ્રી દિપન ભદ્રન સાહેબ તથા એ.સી.પી. શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે આજ રોજ તા.૨૭/૧૦/૨૦૧૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ સાહેબ ના સ્કોડ ના પો.સબ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સબ.ઇન્સ. શ્રી એ.પી.ચૌધરી તેમજ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમિયાન હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા તથા પો.કોન્સ. વિજયસિંહ અદેસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સરખેજ, સપના ટોકીઝ પાસે થી કાયદાના સંઘર્ષમાં આવતા એક કિશોર તેના પિતા સાથે મળી આવતા જેને પો.સબ.ઈન્સ. શ્રી જે.એન.ચાવડા નાઓએ દોઢેક માસ અગાઉ સરખેજ પોલીસ સ્ટેશન પાસે પેટ્રોલ પંપ ની નજીક માં આવેલ ભંગારના ગોડાઉન ખાતે વોચમેન ના ખુન ના બનાવ બાબતે સમજાવટથી તેના પિતાની હાજરીમાં પુછપરછ કરતા સદર કિશોરે મરનાર વોચમેન નુ નામ રાજકુમાર હોવાનુ તથા તેને પોતે ઓળખતો હોવાનુ જણાવેલ જેનું ખુન પોતે કરેલ હોવાની કબુલાત આપતા સદર કિશોરને પકડી તેના પિતા સાથે યુવકની આજરોજ ધરપકડ કરવામાં આવેલ છે.

મરનાર વોચમેન રાજુકુમારના ખુનના બનાવ અંગે સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયેલ હોય કિશોરને તેના પિતા સાથે સરખેજ પોલીસ સ્ટેશન ખાતે સૌપવા તજવીજ કરવામાં આવેલ છે.

આ કામે પકડેલ કિશોરની પુછપરછ કરતા, આજ થી દોઢેક માસ પહેલા તેના પિતા એ શાળાએ નહિ જવા બાબતે ઠપકો આપતા સાંજ ના ઘરેથી નિકળી ગયેલ હતો. અને સરખેજ પોલીસ સ્ટેશન ની નજીક માં આવેલ પેટ્રોલ પંપ પાસે આવતા રાજકુમાર નામના વૃધ્ધ માણસ નો ભેટો થયેલ હતો. જેની સાથે નોકરી અંગે વાત કરતા તે વૃધ્ધ માણસે કિશોર ને એક દિવસ પોતાની સાથે રાખેલ સાંજના સમયે હોટલમાં જમાડી રાત્રીના અગ્યાર વાગ્યા પછી પેટ્રોલ પંપ ની નજીકમાં આવેલ ભંગાર ના ગોડાઉન ખાતે લઇ ગયેલ કોઇ કારણસર માથાકુટ થતા કિશોરે બાજુમાં પડેલ બેટ લઇ રાજકુમાર ને મોઢા તથા શરીર ના ભાગે ત્રણ-ચાર ફટકા મારી દિધેલ અને બેટ લઇ નાસી ગયેલ હતો. જે બેટ પોતાના ઘરે મુકી રાખેલ છે. તેવી કબુલાત કરતો હોય અને ખુન પોતે કરેલ હોવાનુ જણાવતા આગળની વધુ તપાસ સરખેજ પોલીસ સ્ટેશનની પોલીસને સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)